સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સભા-સરઘસમાં સંખ્યા હોય છે બોગસ!
પ્રગતિ-વિકાસના આંક હોય છે બોગસ!
સભ્યો, પક્ષની નોંધણીમાં હોય છે બોગસ!
સાસણાં 'સિંહની વસ્તી' હોય છે બોગસ!
(જન્મે જ છે મરતા નથી!)

હાઈકુ

'સિંહો' વિદેશે -
કૉંગીનું ગીર ખાલી..
ડણક વિના..
(ચૂંટણી માટે મુક્ત મેદાન)

સાંભળે કોણ?
છે શોભાના ગાંઠીયા -
સ્પેશીયલ કોર્ટો -
(ટાઇમ પાસ મલમ)

ચિંતન

તુષ્યન્તિ ભોજને વિપ્રા, મયૂરા ઘન ગર્જિતૈઃ । સાધવઃ પર સંતોષૈઃ ખલાઃ પર વિપત્તિષુ ॥

'બ્રાહ્મ દેવતા (મોદક) ભોજનનું નિમંત્રણ સાંભળીને ખૂશ થાય છે જ્યારે મોર વાદળની ગર્જના સાંભળીને ખૂશ થાય છે. સંત સ્વભાવના સજ્જન બીજાના સુખ-સંતોષથી ખૂશ થાય છે અને દુષ્ટ-લુચ્ચા-દુર્જન બીજાની વિપત્તિ સાંભળીને ખૂશ થાય છે.'

પ્રાણી માત્રનો માનસિક વ્યવહાર તેની પ્રકૃતિ પર આધારિત હોય છે ક્યારેક કોઇ નજીકનું સંબંધીનો વ્યવહાર આનંદમય અને આપણા તરફ ભાવવિભોર હોય એવું લાગે પણ ક્યારેક જાણે ઓળખતાં જ નથી!

વાસ્તવમાં વર્તનમાં વિવેક રાખવો જોઇએ સ્વભાવ પર સંયમ, તોર પર તાટસ્થ્ય હોવું ખૂબ જ જરુરી છે જીવનમાં આઘાત-પ્રત્યાઘાત તો આવે એના વચ્ચે પણ વ્યવહાર વાસ્તવિક રહે તે જોવું જોઇએ.

અહીં બ્રાહ્મણ ભોજનના નિમંત્રણથી મોર, ગર્જનાથી અને દુષ્ટ લોકો બીજાની મુશીબતથી ખૂશ થાય છે એવું દૃષ્ટાંત આપ્યું છે. એ માત્ર વ્યવહારિક સ્વભાવની વાત છે.

સુવિચાર

- ધર્મને સાચવી રાખવા માટે સારામાં સારી વસ્તુને પણ ત્યજી દેવાની તૈયારી હોવી જોઇએ - ધર્મસૂત્ર
- આબરુ જળવાય અને વધે તે માટે પ્રયત્નો કર્યા છે... તેમ હવે 'ગુણો' મળે, જળવાય અને વધે તે માટે મહેનત કરો - મુનિ ચંદ્રવિજયજી
- સુખ આપનારા કર્મોને વિરાગથી ભોગવો.. દુઃખ આપનારા કર્મોને આનંદથી ભોગવો.. પણ પાપ કરાવનારા કર્મોથી સાવધ રહો.. - એસ. ભટ્ટાચાર્ય
- જે દેશનું હિત, એ જ વ્યક્તિનું હિત, જે દેશની ફરજ એ જ વ્યક્તિની ફરજ.. આ લાગણી જે દિવસે દરેક નાગરિકમાં આવી જશે એ દિવસે દેશ માટે ખૂબ જ સારો દિવસ હશે - લોકમાન્ય તિલક
- જે તલવાર ધારણ કરે છે... એ તલવારને ઘાટ જ ઉતરે છે - ચીની કહેવત
- વસ્ત્રો ભગવા ધારણ કરવાથી સંન્યસ્ત આવતું નથી ત્યાગનો રંગ ભીતરને પણ અડવો અને ચડવો જોઇએ.. ઘણીવાર ભગવાધારી ના ત્યાગ કરતાં એક ગૃહસ્થનો ત્યાગ ઉચ્ચતમ હોઇ શકે છે - અનુભવાનંદજી
- જીવનમાં ભક્તિ દ્વારા શ્રદ્ધા અને શ્રદ્ધા દ્વારા સ્થિરતા લાવી શકાય છે.. આસક્તિ દ્વારા સ્થિરતા આવતી નથી - મોરારિ બાપુ

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

આપણે વિના કારણ, ખોટી ખરીદી બહુ કરી પૈસા વેડફી નાખીએ છીએ. કેટલાંક લોકો પ્રવાસમાં જાય ત્યારે તો હદ વટાવી, શક્તિ-મર્યાદા ભૂલી-ઉધાર લઇ ને પણ ખરીદે - મન મનાવે સસ્તું છે, આપણે ત્યાં નથી મળતું કે મોંઘું મળે છે વગેરે.. જરૂરિયાત ખૂબ ઓછી રાખવી જેના વિના ચલાવી શકાય એવી બાબતોથી ચલાવી લેવું..

સોક્રેટીસ જાતે ખૂબ જ ઓછી વસ્તુઓ સુવિધાઓ ચલાવી લેતા. સંત સ્વભાવના, સરળ, વ્યક્તિ અને હંમેશા કહેતા ડાહ્યો માણસ કદાપિ 'ઉડાઉ' ન હોય! અને હરહંમેશ કરકસરથી ચલાવે - આમ છતાં જીવન જરુરી જેટલી બચત રાખે.. સોક્રેટીસ કદી બજારમાંથી કઇ ખરીદી કરતા નહીં.

પરંતુ, સોક્રેટીસ અવારનવાર શહેરના મુખ્ય બજારમાં જતા અને દુકાનોનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરતા. ભાવ પૂછતા - સામે કોઇ પરિચિત મળે તો એને શું ખરીદું? કેટલાનું? આનું શું કરશો? શેના માટે ખરીદું જેવા પ્રશ્નો પૂછતા.

એક ઓળખીતા સ્વજને આ બાબતની નોંધ લીધી હતી. તેથી એક વખત પૂછી જ લીધું. 'સોક્રેટીસ તમે કોઇ'દિ કંઇ ખરીદી તો કરતાં જ નથી, આમ છતાં બજારમાં આંટા-ફેરા શા માટે મારો છો?'

સોક્રેટીસે સ્મિત સાથે જવાબ દીધો. બે બાબત માટે હું બજારમાં આવું છું, એક તો હું કેટલી બધી વસ્તુ વિના ચલાવી લઉં છું તે જાણવા અને બીજું કેટલાં લોકો કેવી ખોટી ખરીદી કરે છે તે જોવા જાણવાં..

Email - sureshchandrabhatt18@gmail.com

સુસંસ્કૃત સમાજના બે મુખ્ય પરિબળો જ્ઞાન અને શ્રમ, જ્ઞાન આંતરિક દૃઢતા અપાવે છે જ્યારે શ્રમ ભૌતિક દૃઢતા આપે છે

સંસ્કાર ચિંતન
કથા સત્યનારાયણની...

- અનંત ન. વ્યાસ

અવારનવાર વારે-તહેવારે, જ્યારે નાનો એવો ધાર્મિક પ્રસંગ યોજવાનો થાય ત્યારે સત્યનારાયણની કથા કરાવવાનો રિવાજ છે. આપણે સૌએ કથા ઘણી વખત સાંભળી છે. પરિવર્તનના આજના યુગમાં કથા પણ હવે ધાર્મિક કાર્યક્રમ કહેવાને બદલે સમુહ-મિલનમાં કાર્યક્રમ બનતી ગઇ છે. કથા-શ્રવણ નીમિત્તે આવનારા સૌ ધાર્મિક ભાવનાથી જ આવે છે તેમ નથી હોતું, વિવિધ પ્રકારના પ્રયોજનો લઇ લોકો આવતા હોય છે. જેવા કે સ્વજનોને મળાશે, યજમાન સાથે સંબંધ સચવાશે કે નવા નવા પરિચય કેળવાશે, કથા શ્રવણ ગૌણ બનતું જાય છે. સાથે કથા સત્વહીન બનતી ગઇ છે. આ તો વારંવાર સાંભળેલું છે તેમાં શું રહસ્ય હોય, તેમ લોકો માનવા લાગ્યા છે. કથા કરનાર પંડિત પણ માત્ર કથા વાંચી જાય છે. તેની પાછળ રહેલા જ્ઞાન તથા રહસ્ય પ્રગટ કરતા નથી. પૂ. મોરારિ બાપુ - એ જ 'રામચરિત માનસ'ની ચોપાઇના વિવિધ અર્થઘટન કરે છે. તેમ આ કથાના પણ જુદા અને વધારે સામાજિક અર્થઘટનો વિચારી સકાય. કળિયુગમાં સત્યનારાયણ જ મોટા દેવ છે. તેટલું વિચારવાના સાથોસાથ આટલી આટલી ઘરોઘર કથા થતી હોવા છતાં સમાજમાં સત્યાભિમુખ થવાનું પરિવર્તન કેમ નથી આવતું. તે પણ વિચારવું જોઇએ. જો આ કથા પાછળ રહેલા રહસ્યો સમજીએ તો કથામાં રસ પડે. નવા નવા વિચાર આવે. પણ આ માટે એક મોટું પરિવર્તન કરવું પડે. આ માટે એવો નિયમ કરવો જોઇએ કે ઓછામાં ઓછું યજમાન દંપતિએ તે ઘરના મુખ્ય માણસે, કથા પુરી થાય. ત્યારબાદ આરતી ઊતાર્યા પછી ઊભા થઇ પ્રતિજ્ઞા લેવી જોઇએ કે 'હવે પછીના અમારા જીવનમાં અમો શક્ય તેટલું સત્યનું પાલન કરશું. કથા વાંચનાર પંડિતે પણ પ્રતિજ્ઞા લેવી જોઇએ.'

આની અસર થોડી પણ અવશ્ય થશે. ગાયત્રી-પરિવારમાં પૂજા પછી સૂત્રો બોલવાનો રિવાજ છે. તેની સૂક્ષ્મ અસર હવે વાતાવરણમાં જણાય છે. લોક સ્વપરિવર્તન કરવા ઉત્સુક બનતા જાય છે. 'હાં,' આમાં પંડિતો પર ભાર પડવાનો, પરંતુ કથાનો એક શ્લોક દર્શાવે છે કે જ્યાં સુધી બ્રાહ્મણ વ્રતનું પાલન કરશે તો માણસ દુઃખ મુક્ત થશે. 'અત્રે શબ્દો છે.'

'તદેવ સર્વ દુઃખમ મનુજસ્ય વિનશ્યતિ'

તેના નહિ પણ તમામ માણસના. આ પંડિતો પર મુકાયેલો ભાર છે. ઋગ્વેદમાં સ્પષ્ટ જણાવ્યું છે. 'વયમ્ જાગૃતા પુરોહિતા' અમે જાગૃત આચાર્યો છીએ. હવે આપણે આ કથામાંના રહસ્યોનો વિચાર કરીએ.

મોટા ભાગના પુરાણોમાં પાર્વતી-શિવને પ્રશ્ન પૂછે છે, શિવ જવાબ આપે છે આ કથામાં નારદ પૂછે છે ને વિષ્ણુ જવાબ આપે છે. આ ફેરફાર શા માટે કરાયો? કારણ સ્પષ્ટ છે પાર્વતી માત્ર દેવી છે. જ્યારે નારદ માણસ છે. આ કથા મનુષ્યની વ્યથાના ઉકેલ માટે છે. નારદ પોતે દુઃખ ભોગવતાં માનવીને જોઇ દ્રવિત થાય છે તેને મદદ કરવા શું કરવું તે વિચારે છે ને તે માટેનાં ઉપાય શોધી કાઢે છે. આપણી આસપાસ પણ આજના સમયના પ્રશ્નોથી પીડાતા માણસો છે જ કોઇને લાઇટ- પાણીની સમસ્યા છે. કોઇને યોગ્ય સારવાર ક્યાં મળે તેની ખબર નથી. તમે વિચારશો તો તુરંત જણાશે કે નાના પ્રકારના દુઃખોમાં લોકો સબડે છે. આવા માનવીને મદદ કરવી. તેના માટે દોડાદોડી કરવી. યોગ્ય અધિકારી સુધી તેની વાત પહોંચાડવી અને તેની વ્યથાનાં અંત આવે તેવી મદદ કરવી એ નારદનું પાત્ર તથા આ કથા સમજાવે છે. વિષ્ણુ પાલનકર્તા દેવ છે. પાલનપોષણ માટે સતત સદ્-કર્મો કરવા તેવું સૂચન પણ મળે છે.

આ કથાનું ફોર્મેટ જુઓ. આ ચર્તુવર્ણન કથા છે. પરંતુ સમાજમાં ચારે વર્ણની જે વ્યવસ્થા છે. તે અત્રે જળવાય નથી. પ્રથમ બ્રાહ્મણ પછી તરત શુદ્ર (કઠિયારા)ની વાત આવે છે. ક્ષત્રિયનું સ્થાન ચોથું છે. આ શું દર્શાવે છે? સુસંસ્કૃત સમાજના બે મુખ્ય પરિબળો જ્ઞાન અને શ્રમ. જ્ઞાન આંતરિક દૃઢતા અપાવે છે. જ્યારે શ્રમ ભૌતિક દૃઢતા આપે છે. વૈશ્યનું સ્થાન તો આમેય ત્રીજું છે. પણ માત્ર પશુબળ મસલ-પાવરથી કદાચ સમાજની રક્ષા થાય પણ સમાજ નિર્ભય ન બને. બળ તથા શક્તિને જ્ઞાનના અંકુશમાં રહેવું પડે. કથામાં બ્રાહ્મણ તથા કઠિયારો પોતાનું સર્વસ્વ સમર્પણ કરે છે. 'ભિક્ષામાં જે કંઇ મળશે તે, કે ભારો વેચતા જે મળશે તે' તેવો બંને નિર્ણય કરે છે. પરમાત્મા પૂર્ણ સમર્પણ ચાહે છે તમો જ્યારે સત્યની પૂજા કરવા બેસો ચો ત્યારે સત્યને પૂર્ણ સમર્પિત થવું જોઇએ. તેમાં સ્વાર્થ ભાવના ન રખાય. આપણે જે કંઇ કમાતા હોઇએ તેમાંય યસ- નિમિત્ત, સમાજ માટે પણ ખર્ચ કરવાની આ સૂચના છે. કથાના શ્રવણ પછી યજ્ઞ-ભાવના મનમાં કેળવાવી જોઇએ. આપણી સંસ્કૃતિમાં સમાજવાદી સમાજની રચના માટે આ અહિંસક યજ્ઞ-ભાવના છે. જેમાં યજમાન પોતાની સંપત્તિનો ભોગ પ્રસાદરુપે વહેંચે છે.

ત્રીજી દૃષ્ટાંત કથા સાધુ-વાણિયાની છે. આ દૃષ્ટાંતમાં ત્રણ-ચાર સૂચનો છે. પ્રથમ તો આ માણસ શ્રદ્ધા વિનાનો છે. તેને માત્ર વ્યાપારમાં - ધનપ્રાપ્તિમાં જ રસ છે. એ શરત મૂકે છે જો સંતાન થશે તો... અને સંતા થયા પછી પણ સુધરતો નથી. પરમ તત્ત્વ સાથે ખોટો વ્યવહાર ન કરો. પરમાત્માને બાધામાં ન બાંધો, સાધુ વાણિયો ભગવાન પ્રસન્ન થયા ત્યારે પણ મારી નૌકામાં ધન ભરી દો' તેવું માગે છે. દર્શનથી માનસ - પરિવર્તન થવું જોઇએ. એ ન થાય તો નરસિંહ મહેતા કહે છે, "શું થયું માળા-ગ્રહી નામ લીધે." સાધુના જમાઇને પણ જેલવાસ ભોગવવો પડ્યો કારણ તેનો દોષ ન હતો પણ ખોટાના સંગ કર્યો. પાપીનો સંગ કરવાથી પણ છાંટા ઊડે. અત્યારના સમયમાં તો મિત્રતા બાંધવામાં પણ બરાબર જોવું પડે. નહિતર દોષ વિનાના દંડાઇ જઇએ. ત્રીજું સૂચન કલાવતી કન્યાના વર્તન પર છે. જ્યારે આપણે કોઇ પણ પ્રકારની સદ્પ્રવૃત્તિ કરતા હોઇએ ત્યારે તેને અધવચ્ચ છોડી ન દેવી. પ્રવૃત્તિ પુરેપુરી રીતે પૂર્ણ થાય. પછી જ તેનાથી મુક્ત થવાય. કથા છે તો પ્રસાદની વાત છે પણ એ તો પ્રતિક છે. એક ચિત્તે થતા કામમાં વિક્ષેપ પાડવાથી ઘણું બગડે છે. જે ભાર માથે લીધો છે તેને પુરો ન્યાય આપો જ્યાં ત્યાં ઉતાવળે દોડ્યા કરવાથી દર્શન નથી થતા. ચોથું સૂચન પેલા ચંદ્રકેતુ રાજાનું છે પ્રથમ કઇ પણ સાંભળ્યા વિના વણિકોને જેલમાં પુરી દીધા પણ સમય જતાં કદાચ તેને પોતાના અવિચારીપણાનો પસ્તાવો થયો હશે. તેથી તેણે પોતાનું વર્તન તુરત સુધારી લે છે. આપણાથી પણ ક્યારેક ઉતાવળમાં, પુરું ન જાણ્યાથી ખોટો નિર્ણય લેવાય જાય છે. પણ જો ખબર પડે કે આપણો નિર્ણય અયોગ્ય તથા હાનિકારક છે તો તુરંત તે સુધારી લેવો. નિર્ણયના કારણે જેને પણ અસર થઇ હોય. તે ભલે આપણાથી નાના હોય, નીચી પાયરી પર હોય તો પણ, તેની માફી માગવી. કદાચ ઘડીભર તમને લાગે પણ પછી જીવનભરનો સંતોષ થાય. અવિચારી ઊતાવળે કોઇ પણ કાર્ય ન કરવું જે કરવું તે પૂરો વિચાર કરી કરવું.

છેલ્લે પેલા ક્ષત્રિય - રાજાની વાત - આ માણસ શ્રદ્ધા વિનાનો - અભિમાની તથા અન્ય તરફ તુચ્છકારથી જોનાર છે. આવા માણસોને તો સખત સજા થવી જોઇએ. ન્યાયની ઉપેક્ષા કરનાર માફીને પાત્ર નથી. સત્તાધારીઓ માટે ક્ષમા દૂષણ છે. તેમ ચાણક્ય કહે છે, આપણે ક્ષમાશિલતાની નબળાઇથી આટલા વર્ષોથી ત્રાસવાદ સહન કરતા આવ્યા છીએ. સખત સજા જ આનો ઉપાય છે.

આમ આ કથા માત્ર સત્યનારાયણની પૂજા કે તુલસી પાન ચઢાવવા પૂરતી નથી. જીવનમાં ઊતારવા જેવા ઘણાં તથ્યો તેમાં છે. પ્રસાદની માત્રા સવાઇ લેવી તેવું મનાય છે. જો શું દર્શાવે છે. શ્રુતિનો મંત્ર છે. 'હે પ્રભુ, અમો આ સમાજ પાસેથી જેટલું લઇએ તેને સવાયું કરી પાછું આપીએ. તેવી શક્તિ આપ.' પ્રસાદ ગ્રહણ કરતાં કરતાં આ વાત યાદ રાખવાની કે લેવું તે ધૈર્ય નથી પણ જેટલું લઇએ, જ્યાંથી લઇએ, ભૌતિક-અધ્યાત્મિક-કઇ પણ તે સમાજને પાછું વાળવું જોઇએ. સમાજનું ઋણ ચૂકવતાં રહેવું જોઇએ. કૌટીલ્યનું વાક્ય છે. 'ઋણ સામે મૃત્યુ પામનાર પિતા સંતાનોનો વેરી છે.' ઋણમુક્ત થવા કથા શ્રવણ કરવી. શ્લોક પણ વિચારશો તો પણ નવું જાણવા મળશે.

યામિની પાસે શબ્દ છે, ઊર્મિ છે, ભાવ છે, વિત્ત છે, યામિનીની આ સભર ભાવસૃષ્ટિ આગળ જતાં વધુ જોમથી પ્રગટશે એવી આશા છે

'પાંપણને પડછાયે' મીઠા ગીતો છાંયડો

- પ્રા. દક્ષા ભાવસાર

સુશ્રી યામિની વ્યાસ, સુરતના રહવાસી, વાર્તા લખે, નાટલ લખે, કવિતા પણ લખે, નાટકના અભિનય કરે, હસમુખ બારાડીના બુટ્રેડીની સ્પર્ધામાં તેઓ પ્રજ્ઞા પટેલના નિર્ણાયક પદે વિજેતા ઘોષિત થયા હતા. 'ફ્લાવર ઓફ ડેઝર્ટ' ના અનુદિત નાટ્ય રુપાંતરમાં તેઓએ સ્ત્રીની પીડાને બખુબી વાચા આપી હતી. 'પાંપણને પડછાયે' યામિનીના ગીતોનો સંગ્રહ છે.

ગીત - ગુજરાતી કવિતાનું ખૂબ ખેડાયેલું અને સમૃદ્ધ થયેલું સ્વરુત. અનિલ જોશી, રમેશ પારેખ, રાવજી પટેલ, ચિનુ મોદી, વિનોદ જોશી જેવા મહારથીઓએ લયસિદ્ધ ગીતોની આકર્ષક કેડી કંડારી આપી છે. જવાબદારી તેથી જ નવોદિતોની વધી જાય છે. વળી, આ કવિઓ પાસે વિવિધ વિષય, રસ, રાગ, ભાષાબંધ વગેરે પાસાંઓમાં પણ પાસેદાર કાર્ય સિદ્ધ કરી ચૂક્યા છે ત્યારે ભાવકની અપેક્ષા પણ વધી જાય તે સ્વાભાવિક છે. યામિનીના આ ગીતો એટલા ઊંચા ધોરણે સિદ્ધ કરી શક્યા નથી પણ જે પ્રયાસ કર્યો છે તેમાં ઉજળી આશા વર્તાય છે, નિષ્ઠા છે, શબ્દ છે, ધૈર્યપૂર્વકની યાત્રા - જાતને કસોટીમાં ઉતારવાની સાહસિકતા દાખવશ તો સજ્જ ગીતો મળશે.

છતાં, આ ગીતો, 'પાંપણને પડછાયે' મીઠપનો છાંયડો આપે છે ખરાં. ચોમાસું, ઋતુઓ, વરસાદ, ઝરણાં, પવન, ધરતી, ગોરમા, સંબંધો, દરિયો, પંખી, પાણી, તળાવ, પરંપરા, પ્રતીક્ષા, માતૃત્વ, સપનાં વગેરે, વગેરે, વગેરે... અહીંનું વિશ્વ આ બધા વિષયોથી છલકાય છે.

'મા! તું વ્હાલની ભરતી' સંગ્રહનું પ્રથમ ગીત છે. અહીં માતૃત્વનો મહિમા છે ને પ્રાસથી સધાતો લય ઉમદા છે. કહે છે, 'મમતાની એ મૂરત જોઇ ઇશની આંખો ઠરતી' અહીં માતાનો મહિમા કરે છે તો પછીના ગીત 'દીકરીને...'માં દીકરી પર વ્હાલ વરસાવતા જાનદાર પંક્તિ રચે છે, '... કે દુનિયા મૂકું એક તરફ તો તારું પલ્લું નમે... તું મને કૈં એટલી બધી એટલી બધી ગમે...' અહીં માતૃત્વની છાલક છે, ઉમળકાનું ગીત છે...

'ઝરણાંઓ' ગીતમાં વહેતા લય છે કહે છે,

'ઝરણું ક્યાંથી આવ્યું સહિયર કોનાં છલક્યાં નેણ
એકબીજાની વાતે ખળખળ જાણે ડૂબ્યાં વેણ.'

વિસ્મયની સાથે પ્રકૃતિરાગ આ ગીતનો વિષય બને છે.

ને,

'કાગળ પર મેં દરિયો દોર્યો
માછલીઓને શંકા ગઇ કે દરિયો કોણે ચોર્યો?
કાગળ પર મેં દરિયો દોર્યો...'

ગીતનો ઉપાજ જ સુંદર છે. દરિયાના પાણી પર કવયિત્રીને કોઇ ડૂબેલી હોડીમાં આંસુ દેખાય છે!

દૃશ્યાત્મકતા પણ ક્યારેક રચાય છે આ ગીતોમાં. 'ગોરમા આવ્યા ફરી'માં 'કૂણા કૂણા હાથ છે એમાં લીલી લીલી છાબો'માં કેવી ચિત્રાત્મકતા તરી આવે છે!

'મોર્ડન ચકાચકીનું ગીત' થોડો ફ્રેશ વિષય લઇને આવે છે. પરંપરાગત વાર્તા હવે અહીં પ્રસ્તુત નથી. અહીં ચકી ચકાને જ 'રાઇસ ને દાલ' લઇ આપવાનું કહે છે તો ચકો જવાબ આપે છે, 'ચકી, ખીચડી તો ખાધી'તી કાલ!' 'આજ સન્ડે તું હોટલમાં ચાલ...'

'ટહુકાનું તોરણ' ગીતનો ઉપાડ સુંદર છે :

'પંખીના ટહુકાનું તોરણ બાંધે છે કોઇ
ઊગતી પરોઢને બારણે,
આ તેજની સવારી કોને કારણે?'

ઊગતી પરોઢને એનું બારણુંની કલ્પના તાજગીસભર છે, 'ટહુકાઓને બાદ કરે જે ફાગણમાંથી.' અહીં કવિતા માટેનો મિજાજ પણ છે ને સંવેદનશીલતા પણ છે. કહે છે,

'ટહુકાઓને બાદ કરે જે ફાગણમાંથી
એ માણસને બાદ કરી દો સગપણમાંથી!'

• • •

'જવાબ બદલે કારણ શોધે કારણમાંથી,
એ માણસ ને બાદ કરી દો સગપણમાંથી...'

• • •

જેણએ ઝરમર કહી ન ઝીલી શ્રાવણમાંથી,
એ માણસને બાદ કરી દો સગપણમાંથી...

• • •

'બહાર કદીયે નહીં આવે જે દર્પણમાંથી
એ માણસને બાદ કરી દો સગપણમાંથી...'

તો, આંગણે આવનારા પંખીને ન નીરખે ને હસતાં બાળકને જોઇ જેનું હૈયું હરખાય નહીં એનું તો 'કવિતા'માંય ક્યાં કંઇ કામ છે?

આ કવયિત્રી 'સાચું ચોમાસું' ઝંખે છે. કહે છે, 'જીવવાનું નામ તો તરસ છે ભાઇ, એમાં આપણે નથી કોઇ તેથી બચપણમાંથી આડે હાથ મૂકાઇ ગયેલી ચાંદનીને કવયિત્રી શોધે છે. આ શોધ 'જીવન' માટેની છે.'

મજાની વાત એ છે કે કવયિત્રીની આંખ જ હોડી બની જાય છે ક્યારેક ને, મોજાઓની દોડમદોડીનેય માણી શકે છે!

'પપ્પા' ને સંબોધીને ગીત મળે છે જેમાં બાળપણ જીવંત થઇ ઊઠ્યું. 'આંગળી પકડી સ્કૂલે જાત રસ્તો આખો મલકા'તો! વીત્યા એ દિવસોનો સાગર મુજ આંખોમાં તરસે પપ્પા...! અહીં વ્હાલનો વરસાદ છે, લાગણીની ભીનાશ છે, બાળફણની યાદ છે!

'માળો' રચવા જોઇએ.

'પંખીએ માળો બાંધ્યો ને ઘરમાં જામ્યો રંગનો મેળો,
પગરવ સાથે પાંખોનો ફફડાટ ભળે છે મઝા પડી ગઇ...'

અહીં પ્રકૃતિનો ઘરમાં આવકાર છે. ઇન્દ્રિયો સજગ છે, તેથી જ તો આવી પંક્તિ મળે છે...

'ખીંટી પર પંખી બોલે તો ભીંતની વાતો તાજી થાય,
ઘર બેઠાં વગડાનું જાણે સ્મિત મળે છે, મજા પડી ગઇ...'

અને મજા પડે એવી પંક્તિઓ,

'સ્મિત મેં તો બાળકનું બંધાવ્યું જો,
લીલપનું વન આખું નોંધાવ્યું જો.'

યામિની પાસે શબ્દ છે, ઊર્મિ છે, ભાવ છે, વિત્ત છે, યામિનીની આ સભર ભાવસૃષ્ટિ આગળ જતાં વધુ જોમથી પ્રગટશે એવી આશા છે. યામિની ગૌરાંગ વ્યાસ, નક્કી અભ્યાસ કરશે તો કવિતાની કેડીએ માંડેલા આ ડગ વધુનેવ ધુ દૃઢતાથી ભરી શકશે.

ગરમીવાળી મીઠ્ઠી રાયણમાં દૂધ રહેલું છે. આ દૂધ પાકીને પરિપક્વ થાય ત્યારે આ દૂધ મધુર થાય છે. રાયણના ગુણો જોઇએ તો રાયણ મીઠ્ઠી, પચવામાં ભારે, તર્પણ કરનારી, બળ આપનારી, ઠંડી, ધાતુવર્ધક, મળને રોકનારી અને પૌષ્ટિક છે

રાયણ નિરામય

- ડો. કેદાર ઉપાધ્યાય

ઉનાળો સરસ રીતે જામ્યો છે. ગરમીના બધા જ લક્ષણો સ્પષ્ટ રીતે દેખાય છે, અનુભવાય છે. કેરી હજુ એટલી મીઠી નથી આવી રહી પણ ઉનાળાના અમુક ટ્રેડમાર્ક ફળો દેખા દેવા લાગ્યા છે. એવું એક ટ્રેડમાર્ક ફળ એટલે રાયણ. એસ.જી. હાઇવે પર ગાંધીનગરથી જવા નીકળીએ એટલે ઘણા લારીવાળા પીળી ચટ્ટાક રાયણ લઇને ઊભેલા જોવા મળે.

ગરમીવાળી મીઠ્ઠી રાયણમાં દૂધ રહેલું છે. આ દૂધ પાકીને પરિપક્વ થાય ત્યારે આ દૂધ મધુર થાય છે. રાયણના ગુણો જોઇએ તો રાયણ મીઠ્ઠી, પચવામાં ભારે, તર્પણ કરનારી, બળ આપનારી, ઠંડી, ધાતુવર્ધક, મળને રોકનારી અને પૌષ્ટિક છે.

રાયણ મુખ્યત્વે પિત્તને લગતા રોગોમાં લાભ કારી છે. રક્તપિત્તમાં રાયણ હિતકર છે. કોઇને રક્તસ્રાવ થાય (દાંત, પેઢા, નાક, પેશાબવાટે) તેમાં રાયણ હિતકર છે. સ્ત્રીઓના માસિક ધર્મને લગતા રોગોમાં પણ રાયણ હિતકારી છે. આ ઉપરાંત માનસિક અશક્તિ અને વાયુના રોગોમાં પણ રાયણ અસરકારક છે. અપસ્માર (હિસ્ટીરીયા - વાઇ) નામનાં રોગમાં રાયણનો ઉપયોગ કરવાનું સૂચન છે. રાયણના ઝાડ પરથી ગાંઠને શેકી, તેનો રસ લઇ તેમાં મધ-લીંડીપીપર નાખી તેનું પાન કરવાથી ભ્રમ કે મૂર્છા જેવા રોગોમાં ફાયદો થાય છે તેવું સૂચન છે.

રાયણના દૂધમાં ચીકાશ અને તૂરાશ છે. તે સ્નાયુની પકડશક્તિને વધારે છે. જે જંતુઘ્ન છે, દાંત અને પેઢા માટે ખૂબ - હિતકર છે. દાંતમાં સડો-પોલાણ-દુઃખાવો વગેરે થતા હોય તો રાયણના દૂધમાં રૂનું પુમડું બોળી તે જગ્યાએ મુકવાથી રાહત થાય છે.

મહર્ષિ ચરકે રાયણના પાનને કોસ્મેટિક ઉપયોગ સુચવ્યો છે. રાયણના પાન ને દૂધમાં લઢીને તેની મોં પર લેપ કરવાતી મોં પરના કાળા ડાઘ દૂર થાય છે તેવું સૂચન છે.

આચાર્ય જયકૃષ્ણ ઇનુજીએ રાયણના નામ અંગે સરસ વિવેચન આપ્યું છે. તેઓ કહે છે કે 'રાયણ' નામ સંસ્કૃતમાં રજનિ કે રાજાદનિ નામ પરથી પડ્યા છે. ભરઉનાળે જ્યારે બીજા મીઠા ફળોની ગેરહાજરી હોય છે. ત્યારે રાયણના પાક્કા મીઠા ફળ બહુ સુંદર લાગે છે. આવા સ્વાદિષ્ટ અને મનહર ફલોના રાજાઓ પણ ખૂબ વખાણ કરતા હશે આથી તેને રાજાદનિ કહેવાયું હશે. રાજાદનિ એટલે રાજાને આરોગવા માટેનું ફળ (આહાર) જો કે રાયણમાંથી ક્ષીર (દૂધ) નીકળે છે એટલે તેનું ક્ષીરિણી નામ પણ છે.

રાયણ વિશે આટલું જાણ્યા પછી તેને આરોગવામાં ઓર મજા આવશે...